ભાવનગર દશા ગોંધારી પોરવાડની મીટિંગ નો વાર્ષિક હિસાબ.

તથા.

-શાંતિ પ્રત્યે નમ્ર વીનંતી-

મીટીંગના હુકમથી.

રચી પ્રસિદ્ધ કરનાર.

પરમાણંદ વી. ગીરધરલાલ તથા
છોટાલાલ જીવણદાસ.

So slow the growth of what is
excellent
So hard to attain perfection
in this nether world
Sofa Cowper.

અમદાવાદ "હિંદુસ્તાન" પ્રી. પ્રે. છાપ્યું.
સંવત ૧૯૪૬ સને ૧૮૯૦
-ભાવનગર-

૪૫૫૮

ભાવનગર દશા ગોઘારી પોરવાડની મીટિંગ નો વાર્ષિક હિસાબ

તથા.

-જ્ઞાતિ પ્રત્યે નમ્ર વીનંતી-

મીટીંગના હુકમથી.

રચી પ્રસિદ્ધ કરનાર.

પરમાનંદ વી. ગીરધરલાલ તથા
છોટાલાલ જીવણદાસ.

So slow the growth of what is
excellent
So hard to attain perfection
in this nether world
Sofa Cowper.

સંવત ૧૯૪૬ સને ૧૮૯૦

—ભાવનગર—

સારદા સ્તુતિ.

૪૫૬૯

રાગ બનઝારો.

પ્રીતે નમું બ્રહ્મ કુમારી, છો સારદા માત અમારી. ટેક.
જેનું ધ્યાન મુનીઓ ચહે છે, અહનીશ અરણ્યે રહે છે;
દૃઢ એકજ આસન મારી, છો સારદા માત અમારી. પ્રી. ૧
હંસવાહની છો તમે માતા, દયા દીલમાં રાખો વિધાતા;
વેણા પુસ્તક કર ધારી, છો સારદા માત અમારી. પ્રી. ૨
વાણી વેદનીમા વિખ્યાતા, બ્રહ્મ તનયા કારૂણી ધાતા;
જપુ નામ તું પાપ નિવારી, છો સારદા માત અમારી. પ્રી. ૩
જેને ત્રુઠી સરસ્વતી માતા, મુંઢ પંડીત બનાવ્યો ખ્યાતા;
આરાસુરની અંબ કુમારી, છો સારદા માત અમારી. પ્રી. ૪
તુજ શરણે મૂરખ એક આવ્યો, તેને મહા પંડત બનાવ્યો.
ઉર્જન ગઢપર તો ભારી, છો સારદા અમારી. પ્રી. ૫
કળીયુગમાં રાખી ટેક, સ્ત્રીનો પુરૂષ બનાવ્યો એક;
બાળી બહુચર આનંદકારી, છો સારદા માત અમારી. પ્રી. ૬
પોરવાળ સુત નમે છે, પ્રીતે કરજોડીને કહે છે;
બુદ્ધ દ્યો દુખ્યુખ મારી, છો સારદા માત અમારી. પ્રી. ૭

મહાલક્ષ્મિ માતાની સ્તુતિ.

રાગ ધનાશ્રી.

મહા લક્ષ્મી માત કુલાદેવી, મહા લક્ષ્મી મુજ માત. કુ.

પોરવાળ જ્ઞાત માત સુધારો, ગ્રહી કૃપા કરી હાથ. કુ.
ત્રીલોક મધ્યે માયા તારી, વ્યાપી રહી સર્વે માંય. કુ.
દ્રઢ એક આસન વાળી માતા, ધ્યાન કરે મુનીરાય. કુ.
અખીલ બ્રહ્માંડ પ્રીતે સેવે, ચાલી દશો દશ ખ્યાત. કુ.
મુજ જ્ઞાતીમાં શાંતી આપો, અર્જ સુણીને આજ. કુ.
સંકટ સર્વે કાપી નાંખો, ઈર્ષા જનોની સાથ. કુ.
પોરવાળ જ્ઞાતી સુધારીને પાલવ ઝાલી હાથ. કુ.
જ્ઞાતીનું ઈચ્છે જે ભુંડુ, કરો નીકંદન માત. કુ.
જ્ઞાતી જનમાં બુધ્ધ આપો, પૂરો મનની આશ. કુ.
જ્ઞાતી તમને અર્જ કરે છે, લક્ષ ધરો મુજ માત. કુ.
સાષ્ટાંગ તુજને ચર્ણે વંદુ, પૂરો અમારી આશ. કુ.

શિખરણી.

નમું પ્રીતે માતા, જગત જન ત્રાતા કુળ ભરી;
અતિ હરખે મારૂં, મન જનુની દર્શન કરી. ૧
કરો શાંતિઃ શાંતિ કમળ નયની હે સહુ ભણી;
મહાલક્ષ્મી માતા, ભગત સુખદાતા અમ તણી. ૨
ભલી ભક્તિ દાતા, જનુનિજ સ મુક્તિ અમ તણી;
ધરી અંગે ચુંદી નવિન નવ રંગી ધરી જરી તણી ૩
સ્વરૂપે છો રાતી, અજ અમર ત્રાતા જગતણી;
મહાલક્ષ્મી માતા, ભગત સુખદાતા અમતણી. ૪

જ્ઞાતી જનને બોધ.

દોહરો.

સ્વજ્ઞાતી શુભ કારણે, અલ્પ મતિ અનુસાર.

બોલું જે બે બોલ તે, ક્ષમા કરો મમ યાર.

મનહર.

પ્યારા ધારા ન્યારા સારા, કર્યા ને કુધારા ગ્રહ્યા.
લહ્યાન સુધારા સારા, તેથી દુખ થાય છે.
કંકાસ કરાવનાર, કુસંપને કોડે ગ્રહયો;
સહ્યા સંપ સ્નેહથી ન, દુખમાં ડુબાય છે.
હીસાબ કીતાબનેજ, ભુલી ગયા દ્વેષ થકી;
કલંકિત કરે છે એ, જ્ઞાતીજન નામને;
હીતકર હીસાબને, હૈયે ધરો હેત થકી.
લાજ વધે વિત વધે, પામો વળી માનને.

દોહરો.

પોરવાળ તમ પ્રીતથી, મનન કરો મમ પાઠ;
સુધારો સૌ સાથને, ખરી ખાંતથી ખાત.

ભાવનગરની ગોધારી દશા પોરવાળની જ્ઞાતીનો ટુંક ઇતિહાસ.

ઉપરનું મથાળું વાંચતાં વારનેજ તેની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે જાણવાની જીજ્ઞાસા વાંચનારને સેહેજ ઉત્પન્ન થયા વગર રહે નહીં. અને તેટલાજ માટે દશા પોરવાળ અસલ ક્યાંથી આવ્યા અને ભાવનગરમાં કેવી રીતે સ્થાનિક થયા તે બતાવવા પુરતાં કારણોની જરૂર છે, પણ તેની ઉતપતીના ઐતહાસીક દાખલ દસ્તાવેજની પુરતી જોગવાઇ નહીં હોવાથી દંત કથાથી મળી આવેલી હકીકત સાંભળી અને તેમાંથી માનવા લાયક બીના ગ્રહણ કરી આ જગ્યાએ ટાંકીએ તો તે ખોટું ગણાય નહીં. કેહેવત છે કે "નહીં મામા કરતાં કેહેણો મામો ખોટો નથી."

પ્રાગવાટ ઉપરથી પોરવાળ નામ પડેલું મનાય છે. પોરવાળનું અસલ સ્થાન મારવાડમાં બીનમાળ નામના ગામમાં હતું, ત્યારપછી કેટલાએક વર્ષે પાટણમાં ઉતર્યા, જ્યાંથી જુદે જુદે ઠેકાણે વેપાર રોજગાર અર્થે વીખરાઇ ગયા. કેટલાક પાટણ, કેટલાક અમદાવાદ, સુરત, ધોળકા ગોધા વીગેરે જુદા જુદા સ્થાને જઇ વસ્યા. પાટણ ઉપરથી પટણી, અમદાવાદ ઉપરથી અમદાવાદી, સુરત ઉપરથી સુરતી, ધોળકા ઉપરથી ધોળકીયા અને ગોધામાં વસ્યા જેથી ગોધારી નામ પડયું; આમ તેઓની ઓડક ઉપરથી

સીદ્ધ થાય છે. સીદ્ધ થાયછે એટલાજ માટે કે ઘણું કરી ન્યાત અને જાતના નામો દેશ ઉપરથી પડે છે. વળી આ ગોઘારી પોરવાળમાંથી કેટલાક ચીંચણ તથા મુંબઈ જઈ વસ્યા. આમની સાથે હાલ દીકરી લેવા દેવાનો વ્હેવાર ચાલ્યો જાય છે.

જે વખતે પોરવાળો ભાવનગરમાં આવ્યા તે વખતે તેઓની સ્થિતિ ઘણી સારી હતી એમ જુના દસ્તાવેજો ઉપરથી જણાય છે. સ્થિતી સારી હતી એટલુંજ નહીં પણ તેઓ રાજ પ્રકરણી તેમજ ધંધા રોજગારમાં પ્રવીણ હતા. ભાવનગરમાં પોરવાળની ઉત્કૃષ્ટતા હીરજી મેહેતાથી શરૂ થતી જણાય છે. પોરવાળનો આ પુરૂષ ન્યાતનો અગ્રેસર હતો. તે વખતમાં ન્યાત એક સંપી હોઇને પૈસે ટકે સુખી હતી. ત્યારપછી કાળાનુક્રમે એક પછી એક નવા નવા શેઠીયાઓ થતા ગયા. કાળ પલટાતો ગયો તેમ શેઠીયા પણ પલટાતા ગયા અને આખરે આપણે જે સ્થીતિ ભોગવીએ છીએ તે કોઈથી અજાણી નથી.

જ્ઞાતી પ્રત્યે અલ્પ દીક્ષા.

પૃથ્વી ઉપર એવું કોઇ પ્રાણી નહીં હોય કે જે પોતાનું ઉત્કર્ષ ઈચ્છતું નહીં હોય. હવે જ્યારે ન્યાતની અંદરના સઘળા માણસો એકસરખા એવાઈચ્છાવાન હોય, ત્યારે આપણી દશા આવી રીતની કેમ થાય? એ પ્રશ્ન પ્રથમ ઉત્પન્ન થાય છે. જ્યારે કોઇ પણ ઘર કે કુટુંબના સત્પાત્ર અને સુશીલ એવા મુખ્ય મનુષ્યની દીન દશા આવે

છે ત્યારે તે આખું ઘરનું ઘર દીન થઇ જાય છે, અને એજ પ્રમાણે પાંચ દશ કે પંદર ઘરના બગડવાથી ન્યાત દુર્દશાવાળી અને સમૃદ્ધિહીન થઇ જાય છે. અને એજ રીતે ગામ, ગામથી લઇને પ્રાંત, અને પ્રાંતથી લઈને દેશ એવી દીન અવસ્થાને અનુક્રમથી પહોંચે છે. આવીજ રીતે આપણી જ્ઞાતીમાં કુસંપના બીજ રોપણા.અનીતિના તંબુ ખડા થઇ ગયા. અધર્મરાજની ગાદી સ્થપાઇ ગઇ. મિથ્યાભીમાન,કુટીલતા, કુસંગ.અને અવેવિકા દીકના પેહેરામાં બંધીવાન બની ગયા. આળસ્યની ધ્વજા ફરકવા લાગી. દરિદ્રતાના નગારાં વાગવા લાગ્યાં. મૂર્ખતાના નિશાનો ગડગડ્યાં. દુર્દશારૂપ વારંગના આંગણામાં નાચવા લાગી. નિરૂત્સાહની બજારમાં બીકણપણાની મીઠાઇ વેચાવા લાગી. સારાંશ **विपरीतेकिंनविपरीत** અર્થાત જ્યારે આ કાળ વિપરીત થયો ત્યારે બીજું શું વિપરીત ન થાય. બીજું પણ તેનું એક કારણ સમજાય છે કે અગાઉના શેઠીઆ આપણી ન્યાતના હિતાર્થે ઘણા ઉત્સુક કોઇ એક બીજાને સહાય કરી સારા રસ્તે ચડાવતા ત્યારે આપણા લોકોનો કાળ સ્વસ્થ ચિતથી વહી જતો હતો.પરંતુ તેઓના જવાથી અને પોત પાતાના જ્ઞાતિ અભિમાનથી જ્ઞાતીહિત ચિંતકપણું વિરક્ત કરી, પરસ્પરમાં હાંસાતુસી થઇ જેથી નાના પ્રકારના કષ્ટ તેઓના બીજ રોપી ગંભીર વૃક્ષ પેદા કર્યું જેના ફળે રૂપ ફળનો સ્વાદ આપણે ચાખીએ છીએ. ત્યારે એવા

સમયમાં પણ આપણે આપણી પૂર્વ સ્થિતિ નહીં જાણીએ અને આપણી ઉન્નતિના ઉપાય નહીં યોજીએ તો પછી એ કરતાં આપણું બીજું દુર્ભાગ્ય કયું છે ?

એ સઘળાં કારણો આપણા લોકોની દુર્દશાનાં છે. હું વિદ્વાન થઇ જાઉં એટલું માત્ર બોલી જવાથી વિદ્વાન થવાય છે ? અમારા એકલાથી શું થાય ઈત્યાદિ નિરથક વાકયો બોલવાથી કેવળ આળસ્ય વધતું જાય છે. એ આળસ્ય કુટુંબનું વેરી અને નિદ્રા તથા- દરીદ્રતાની માતા છે. એટલા માટે તેનો પરિત્યાગ કરીને પ્રથમ જ્ઞાતિના સુખ સાર રૂપ જ્ઞાતિ જનના હિતચિંતક પ્રયત્નો યોજવા વધારે જરૂરના છે. કુસંપ અને દરિદ્રતા જો કે છે તો ત્રણ ત્રણ અક્ષરના સમુદાય, પરંતુ મહા વિકટ અને પ્રાણ સંકટ કરનારા છે. એટલા માટે તેના સપાટામાં નહીં આવવાની ઘણી સંભાળ રાખી તેમનાથી બચી જવું જોઈએ. પરસ્પર એક બીજાને બને તેટલી સહાયતા કરવી એ પરમ સુખદાયક થઇ પડે છે. કહ્યું છે કે.

ज्ञातिभिर्विग्रहस्तातनकर्तव्यःशुभार्थे
सुखानिसवभोजानिज्ञातिभिभरतर्षभ

અર્થ—જે સારાની અથવા ઐશ્વર્યતાની ઇચ્છા રાખતા હોય તેણે જ્ઞાતીની સાથે વિરોધ કરવો નહીં. સુખસઘળાં જ્ઞાતીની સાથેજ ભોગવવાં જોઇએ. અર્થાત્ સૌએ સંપીને સુખ ભોગવવાં.

હાલમાં ઠેકાણે ઠેકાણે સ્વજ્ઞાતી હિતાર્થે મંડળી ઉભી થઇ જ્ઞાતી સુધારા માટે ઘણા માણસો મથતા દ્રષ્ટિગોચર થાય છે. આપણે પણ બીજાનું દેખી હાલના જમાના પ્રમાણે જ્ઞાતીની અંદર સુધારા કરવા આગળ વધવું જોઈએ. એમ નહીં થાય તો બીજી જ્ઞાતીઓથી પછાત પડી જવાની પુરી ધાસ્તી છે. જે પ્રમાણે અંધાધુધી હાલ ચાલેછે, તેમ ચાલવા દીધાથી આખરે પાયમાલ થયા પછી જે ઉપાયો યોજવા તે કાંઇ નહી પણ "કારતક મહીને કણબી ડાહ્યો થયો" એ કેહેવતનું અનુકરણ થયું ગણાશે. માટે જ્ઞાતીનું શુભ થવા તનમન ધનથી મેહેનત લેવામાં આપણી દેહ ધર્યાનું સાર્થક સમાયેલું છે આ સંસારમાં દેહ ધરી પોતાની જ્ઞાતીનું સારૂ ચાહવામાં જેણે કાંઇ પણ મેહેનત ન લીધી તો તે બીજાનું શું સારૂં કરી શકવાનો હતો ? તેવો પુરૂષ જન્મો ન જન્મો બરાબરજ સમજવો કહ્યું છે કે.

જનુની જણતો ભકત જણ, કાં દાતા કાં શુર;
નહીંતો રહેજે વાંઝણી, મત ગુમાવે નુર.

ન્યાત માત્ર એક બીજાની અનુકુળતા અને હિતને લીધેજ બંધાએલી છે. તેમાં જ્યારે એક બીજાના સુખદુઃખ ન વીચારે અને એક બીજાને ઉંચ નીચ ગણી અદેખાઈ રાખે ત્યારે એવી ન્યાતથી પ્રયોજન શું ?

એથી તો માંહો માંહે કુસંપ વધે છે. અને અરસપરસની મદદ અને મેહેનત તુટવાથી બધા નબળા પડી દુઃખી થાય છે. વાંચનાર, પારકે સુખે સુખી અને દુખેદુખી

ચનાર વીર પુરૂષો આપણી જ્ઞાતીમાં થઇ ગયેલા છે તેઓ કૃત્ય તરફ તારી ન્યાયી આંખ ફેરવ.

પોતાનું નામ આ અસ્થીર જગતમાં ચીર સ્થાયી કરવા ને બહાર પડનાર જો કોઇ આપણી જ્ઞાતીમા થઇ ગયો હોય તો તે ફક્ત હીરજી મેહેતોજ છે. આશરે વર્ષ ૧૦૦ પર આ પ્રતાપી પુરૂષ ભાવનગરમાં આતાભાઇ ઠાકોરના વખતમાં એક સાધારણ નોકરીમાંથી એક મ્હોટા પ્રધાન અને સેનાધિપતીની પદ્દિએ પહોંચ્યા. આ પુરૂષનો રાજકીય વૃતાંત આ ઠેકાણે વર્ણવો વ્યાજબી વીચારતા નથી પણ એટલુંજ કેહેવું બસ થશે કે પોતાના તન, મન, અને ધનની આહુતી સ્વજ્ઞાતિના શ્રેયી હવનમાં આપવાને આ અવતારી પુરૂષે દૃઢ નિશ્ચય કર્યો. ભુલ કરનારને સહાય કરવાનો કુદ્રતનો નીયમજ છે. એ વાક્ય ઉપર પુર્ણ શ્રધા રાખી માનવ શક્તિથી બને તેટલું હીત તથા સ્વજ્ઞાતિની વૃદ્ધિ કરવાના ઉદેશથી આ વીર પુરૂષે હીંમત રૂપી શમશેરથી લડત ચલાવી આખરે જય મેળવી અમર કીર્તી સંપાદન કરી. જેનું નામ હજુ સુધી અંતઃકરણમા અંકિત થએલું છે.

આ મહાન પુરૂષ શીવાય કોઈ પણ એના જેવો ભાવનગરમાં કે મુંબઈમાં થયો હોય એમ અમારા જાણુવામાં આવ્યું નથી. થોડીક પેઢી સુધી તેમનાં વંશજોએ એમની નામના થોડી ઘણી ટકાવી રાખી, પણ કાળે ક્ષય સૌનો છેજ. અમારી યાદદાસ્ત પ્રમાણે મુંબઇમાં ફક્ત બે જણ જે આને હીરજી મેહેતાની સાથે થોડે ઘણે દરજ્જે સરખાવી

શકાય, એવા થઈ ગયેલા છે. આ બે પુરૂષો માંહેલો એક પુરૂશોત્તમદાશ કહાનદાશ જેની ધણીયાણી હજુ હયાત છે અને બીજો શેઠ લક્ષ્મીદાસ ધારશી હતા. તેઓએ સ્વજ્ઞાતીને ગોમતીજીમાં તરતા પથ્થરની પેઠે તારી હતી તે અગાઉ મુંબઈની દશા ગોધારી પોરવાળની જ્ઞાતી ગરીબ સ્થીતિમાં હતી. વાસ્તવિક રીતે વીચાર જોતાં અને બીજી જ્ઞાતી સાથે સરખાવતા હજી પણ ગરીબજ માલુમ પડે છે. પણ હાલની ગરીબાઈ કાંઇ જુદાજ પ્રકારની દૃષ્ટિગોચર થાય છે. ગરીબાઈ દુર કરવાની ઔાષધી સંપ છે એમ તે વખતે સહુ જન સમજતા હતા. હાલમાં સંપ નામનું ઉચ્ચારણ કરતાં જંપથી બેસવાને બદલે કંપવાનું કારણ મળે છે. આ બધું શાથી? અમને કહેવા દીઓ કે આપણા સ્ત્રીમતિથી રચાએલા શાસ્ત્રોના તત્વનું તાત્પર્ય છે. સ્ત્રી શાસ્ત્ર શીખવે છે કે, સંપ એ મહા દુઃખનું સાધન છે. ગરીબ હોઈએ અને ગરીબ કહેવાવું તે ઘણું દુખદ અને હિણુસ્પદ છે. ઘરમાં બેશી ગપાટા મારવા, હીંડોળા ખાટ ઉપર બેસી તેમાંથી નીકળતા ખટાક ખટાકના અવાજો સાંભળી પુર્ણાનંદ માનવો, પાનની પીચકારીઓ મારવી, મુંછ ઉપર હાથ મારી ખોંખારા ખાવા, ઈગ્લીંશ અંગરખા પેહેરી, લાલ પેંઠની પાઘડી લટકાવી; બુટ ચડાવી મારા જેવું કોઈ નથી એવા અહંકારના આનંદ તરંગમાં તણાતાં પણ સ્ત્રી શાસ્ત્ર શીખવે છે. શું આ પુરૂષાર્થ કે! શેઠ પુરૂશોત્તમદાશ કહાનદાશમાં પુરૂષાર્થ બીજાજ પ્રકારનું હતું,

તે એવી રીતે કે, સ્વજ્ઞાતીમાંથી કોઇ ગરીબ અથવા રઝળતો માણસ મુંબઇમાં જાય તો તેને પૈસે ટકે મદદ કરી ધંધે રોજગારે લગાડવો. કોઈ પણ ઉદ્યમ જ્યાં સુધી હાથ લાગ્યો ન હોય ત્યાં સુધી આ ઉદાર મનનો શેઠ પોતાને ઘેર જમાડતો. શેઠ લક્ષ્મીદાસ ધારશી પણ તેવાજ ઉદાર મનના હતા. ટુંકામાં આ બન્ને ભદ્ર પુરૂષો, સ્વજ્ઞાતીના દુઃખની સામે ઢાલ સમાન તથા રડતાના આંસુ લુછાવનાર હતા. શો જમાનો ફરી ગયો છે? ફરી ગયો છે એટલાજ માટે કે, "ગાડા નીચે કુતરૂ ચાલે તે જાણે મારે માથે ભાર" એમ સમજનારા હાલમાં ઘણા મળી આવે છે. કુલીનપણાના ખોટા ડોળના તરંગમાં તણાતા જાય છે તેઓ સમજતા નથી કે જ્ઞાતીમાં કોઇ કુલીન અકુલીન નથી. બધા સરખાજ છીએ. કુલીન એવું નામ જે અપાય છે તે ફક્ત માણસની વિદ્વતા, ડહાપણ અને સદાચારને લીધેજ. કુલીનના છોકરાં તે કુલીનજ કેહેવાય અને અકુલીનના છોકરાં તે અકુલીનજ કહેવાય એમ નથી. કહ્યું છે કેઃ—

શ્લોક

दुष्कुलीनः कुलीनोवा मर्यादां नैव लंघयेत्।
धर्मापेक्षी मृदुर्धिमान् स कुलीनः शताद्वर॥

અર્થ—ભલે કુલવાન હોય કે કુલવાન ન હોય પરંતુ જે

મર્યાદાને પાળનો હોય. જે ધર્મને ઈચ્છતો હોય અને જે લાજ વાળો હોય, જે કોમળ પ્રકૃતિનો હોય તે સો કુળવાન પુરૂષ કરતાં સારો સમજવો. વિચાર કરો કે નારદ દાસી પુત્ર હલકાને ત્યાંથી ઉત્પન્ન થયેલા પણ ઉત્તમ ગુણોને લીધે ઉત્તમ ગણાયા. વસીષ્ટ વેસ્યાના પુત્ર પણ તે ઉત્તમ ગુણોને લીધે ઉત્તમ બ્રાહ્મણોમાં ગણયા. વાલ્મિક ઋષિએ ભીલ હતા પણ ઉત્તમ ગુણોથી ઉત્તમ બ્રાહ્મણોમાં ગણાયા. તેમજ વ્યાસ, શ્રૃંગી ઋષી વીગેરે અનેક મહાન રૂષીઓ હલકા કુળમાં ઉત્પન્ન થયેલા પણ તે કાંઈ તેઓના બાપદાદાના કુળ ઉપરથી હલકા ગણાયા નથી. જે જે પુરૂષોના ગુણકર્મો ફરતાં જાય તે તે પ્રમાણે કુલીન તે અકુલીન ગણાય છે. જેનો બાપ કુલીન તેનો છોકરો દુષ્ટાચરણ વાળો થાય છે તો પણ તેને કુલીનજ કહેવો એનો ખરેખર ગાંડાઈજ કહેવાય. જ્ઞાતિ જે એક બીજાના સંપને લીધે સુખ દુઃખ સાથે ભોગવી લેવા બંધાએલી છે તેમાં એક બીજાને અંતરાઈ લેખે ત્યારે તો દુઃખ દુઃખને દુઃખજ થાય. માટે જ્ઞાતિની અંદર બધાને સરખા ગણીને સમાનતા રાખવી જોઈએ. સમાનતા એ ઉત્તમમાં ઉત્તમ ગુણ છે જ્ઞાતિનું ભલું કરવા દરેક જ્ઞાતી બંધુએ પુરતુ લક્ષ આપવાની જરૂર છે તે વીષે વિદુર નીતિમાં કહેલું છે કેઃ—

શ્લોક.

ज्ञातयोवर्ध्धनीयोस्तैर्यइच्छत्यात्मनःशर्मं।

कुलवृध्धिचराजेंद्रतस्मातसाधुसमाचार॥

અર્થ—જે પોતાનું ભલું ઇચ્છતા હોય તેમણે પોતાની જ્ઞાતિને વધારવી જોઇએ. જે માણસ જ્ઞાતિનો સત્કાર કરે છે તે માણસ પોતાનું કલ્યાણ કરે છે.

કુલીન અને અકુલીન વીશે જે બોલ બોલાયા તે ફક્ત હાલમાં પ્રસરતા રીવાજને અટકાયત કરવાનેજ માટે છે.

જ્ઞાતી જનોને વિનંતી.

આપણી ગોધારી દશા પોરવાળની જ્ઞાતિ તે ઉચ્ચ જ્ઞાતિ માંહેલી એક છે પણ તેમાં તેને શોભતા ગુણોની ન્યુનતા છે એ નિર્વીવાદ છે. જેમ માણસ ગુણથી શોભે છે, પંડિત વિદ્યાથી શોભે છે, રાત્રી ચંદ્રથી શોભે છે, અને સ્ત્રી શીયળથી શોભે છે તેમ જ્ઞાતિ બંદોબસ્તથી શોભે છે. ધોબી જેવી ક્ષુદ્ર જાતિમાં પણ આપણે જોઈએ છીએ કે નાતનો પટેલ જે કાંઇ હુકમ ફરમાવે છે તે સઘળાઓ માન્ય કરે છે. દાખલા તરીકે ઘણી વખતે આપણે જોઈએ છીએ કે નાતના તકરારને લીધે યાને એવા બીજા કાંઇ પણ કારણસર કોઈ પણ ધોબીને ઘેરથી કોઈ પણ માણસ ધોવા જઈ શકતું નથી. આવો સખત કાયદો તે વળી આવી ક્ષુદ્ર જાતીમાં બરોબર રીતે અમલ આવે તે શું આપણને આશ્ચર્ય પમાડતું નથી? લુવાણાની જ્ઞાતિ તરફ જરા નજર કરો તો તેની ન્યાતનો દોર એક સરખી રીતે ચાલતો આપણે જોઇશું. આવી જ્ઞાતિમાં આટ-

સો બધો સુધારો અને આપણી ઉંચ જ્ઞાતી વળી વણિક ડાહ્યા કહેવાયા છતાં તેમાં બંદોબસ્તની ખામી તે શું આ પણને હિણસ્પદ નથી ? આપણી ન્યાતનો સુધારો તો જુવો.

મનહર છંદ.

સારી વાત ન્યારી કરી, નહારી હૈયામાં ધરી.
ઘેર ઘેર જુવો ધારી, નાત પોરવાળની,
ભાઈની ભવાઈ કરે, એની સાથે ઉભો લડે,
મારામારી ગાળાગાળી, આરંભે પ્રભાતથી.
કુસંપે તો વાળ્યો ધાણ, કુસંપ સગામાં જાણ,
કુસુંપ કુટુંબ માંહે, ભાઈ બેન વાતમાં.
અભિમાની માને પૂરા, લડાઇ લડત શુરા,
અહંકારી અતિ મોટા, ખોટી મોટી વાતમાં.
નાતનું ન હીત જાણે, નાતનું અહીત ભણે,
નાતની ન વાત કરે, જ્યારે હોય લાભની.
કુસંપનું બીજ વાવો, કુટુંબ કયારાની માંહે,
હેતેથી વાવીને પોતે, પાણી પાયે પ્રીતથી,
અભીમાની વાડ કરી, ઠગાઇ પૂરણી પૂરી,
અદેખાઈ પાણી સીંચી, ઝાડ જાળવ્યું નકી.
ઝાડ ફાલ્યું ફુલિ ફુલે, ગંભિર પવને ઝુલે,
ફુલ જેના હલાહલ, ઝેરી છે વશાળના.
ફળ ખાધું જુઓ પ્રીતે, પાંડવકૌરવ પોતે,
પાંડવ રઝળ્યા વને, કૌરવના પાપમાં.
કૌરવ નાશ થયો, મુવા પોતે સગા સાથે,

કુસંપના ફળ ખાધાં, સુતા તે મસાણુમાં.
જબરો રાવણુ રાજા, સુત જેને હતા ઝાઝા,
જમાઇ ભત્રીજા જેના, કાળ જેવા ચાલતાં.
સુતા તે મસાણુ માંહી, ન રહ્યું કહેવાને કાંઇ,
કુસંપના ફળ ચાખી, ભાઈને રંજાડતા.
રજપૂત રાજ ગયું, ઇસલામી પછી થયું,
મુસલમાની મરેહી, હવે બતાવો મને.
કુસંપીના ફલ લીધાં, સુસંપી વિસારી દીધા,
પરિણામ કેવા દીઠા, જુવોને વિચારીને.
માટે મારા સર્વ ભાઇ, સંપીને રાખો સગાઈ,
સંપ રૂપી હીરો કોડે, સાથે રાખો સર્વ તે.
માફ માગી અર્જ કરૂં, કડવા વચન ભણું,
તેતો સર્વ હીત સારૂ, ખરા મન ભાવથી.
સંપે રમો સંપે જમો, સંપે ભમો સંપે ભણો,
સંપથી સત્રાગો માલ, લાભ મળે સંપથી.
સંપથી તો સુખ થાય, સુ સંપથી તો દુખ જાય,
સંપથી તો ક્લેશ જાય, સુખ પામો સંપથી.
માટે મારા વીર ઉઠો, શુર થઈ તમે ઝુઝો,
સંપરૂપી હથીયાર, લડોને કુસંપથી.

આજ લાંબો વખત થયા આપણી જ્ઞાતિ ઉન્નતિ અને અભ્યુદયમાં પછાત પડેલી જોવામાં આવેછે. દારિદ્રતાએ પોતાનો ઝુંડો રોપી પોતાના વિજયીપતાકા ફરકાવવા માંડયા છે. એટલુંજ નહીં પણ, કળામાં વિદ્યામાં, ઉગ્ર જ્ઞાનમાં ,સાહસ કર્મમાં, ઉ

અતમાં, વિસ્તવતામાં અને ટુંકામાં કહીએ તો સર્વ પ્રકાર રના સદ્ગુણોમાં આપણી ગ્નાતીના માણસો પાછળ પડેલા છે. બહારના દેખાવ ઉપરથી જો કે ઘણા જુવાનીયા વિદ્યામાં વધેલા હશે પણ તેનો સદુપયોગ બીલકુલ કરવામાં આવતો નથી અને તેથીજ આપણી ગ્નાતી બીજી ગ્નાતિ કરતાં નિરમાલ્ય અને નબળી સ્થિતિમાં આવતી જાય છે. કુંભારના ચાક ઉપર જેમ એક જંતુ મુકયા પછી તે ચાકને ગતિ આપવામાં આવે છે અને તે ગતિ લઈને ફરી ફરીને તેને તેજ જગ્યા ઉપર પાછું આવી રહે છે તેમ આપણી ગ્નાતિના પોરવાળ સુનો ચાલતા જમાનાની વિદ્યા, કળા, હુન્નર ઈત્યાદિ સાધન સાધ્ય કરવાના ચક્ર ઉપર ગતિ કરનારા ઘણા છીએ પણ ઉગ્ર મેહેનત અને પ્રૌઢ પ્રયત્ન છતાં અરસપરસ કુસંપ તથા ઇર્ષા દ્વેષાદિ દુરગુણો આપણા મુળમાં લાગવાથી આપણી ગ્નાતિ કદી અભ્યુદય પામતી નથી. જેમ ઝાડના મુળોમાં સળો લાગવાથી તે ઝાડ થડ મૂળમાંથી નાશ પામે છે. તેમ આપણી ગ્નાતિને નાશ પામવાનો સમય નજદીક આવશે એવી ધાસ્તી રહે છે. આમાંથી બચી જવાને માટે તાત્કાળિક ઉપાયો યોજવા બહુ જરૂરના છે. પોતાની પ્રજાનું સંરક્ષણ કરવું એ રાજાની ઈશ્વરી ફરજ છે અને રાજાનો હુકમ ઉઠાવવો તે ફરજ પ્રજાની છે તેમ ન્યાતનું ભલું કરવું તે ફરજ ન્યાતના શેઠીયાઓની છે અને નાતિલાઓએ તેના નેક હુકમને માન આપવું તે ફરજ તેમની છે, જેમ ઘોડો ચોકડા વગર અને હાથી અંકુશ

વગર કબજામાં રહેતો નથી તેમ કાયદા તથા ધારા વિના ન્યાત કબજામાં રહેતી નથી. આ વખતે એક વાત યાદ આવે છે. તે એક, એક સર્પ હતો તે હમેશાં એક માણુસને કરડતો તેથી તે માણુસ મરી જતો. હવે તે સર્પને એક ભકતની દોસ્તી થઇ. લાંબા વખતની દોસ્તીથી તે સર્પને એવી અસર થઇ કે ભક્ત થવાથી આપણે મુક્તિ પામીએ છીએ, આ ઉપરથી તે સર્પે કોઇને નહીં કરડવાનું નીમ લીધું. હમેશાના રીવાજ પ્રમાણે આ સર્પ પોતાના દરની બહાર આવી બેસતો. રસ્તેથી જતાં આવતાં માણુસો પહેલાં તો તેનાથી દુર ચાલતા હતા પણ જ્યારે તેઓને માલમ પડયું કે આ સર્પ હવે કોઇને કરડતો નથી ત્યારે તેઓએ તેના દરની નજદીક ચાલવાનો ડર છોડી દીધો. દીવસેદીવશે માણુસો ભય રહિત થતા ગયા. અને ગામનાં છોકરાં પણ તેની પાસે જવા લાગ્યાં. એમ કરતાં કરતાં છોકરાઓ તેના તરફ પથ્થર ફેંકી તેને હેરાન કરવા લાગ્યાં. આથી પેલો બીચારો સર્પ દુઃખથી દુબળો પડવા લાગ્યો ઇન્તેખાબ એવો બન્યો કે જે ભક્તની શીખામણથી આ સર્પ ભક્ત થયો હતો તે આ જગ્યાએ આવી ચડયો, બંન્ને ભાઇબંધો મલ્યા અને સર્પને દુબળો પડવાનું કારણ પુછ્યું, સર્પે જણાવ્યું કે, ભાઈ જ્યારથી હું ભકત થયો છું ત્યારથી હું કોઇને ફુફાડો સરખો પણ કરતો નથી છતાં પથ્થરનો માર ખાઇખાઇને આટલી આ દશા થઇ છે. તે ઉપરથી તેના દોસ્તદારે શિખામણ

આપી કહ્યું કે ભકત થયાથી કોઈને કરડવું નહીં, પણ, ફુંફાડો તો રાખવોજ જોઈએ. એ ઉપરથી પેલા સર્પ તે પ્રમાણે વરતવા માંડયું. અને પછીથી પોતાની જીંદગી સુખશાંતીમાં ગાળવા માંડી એવીજ રીતે આપણી જ્ઞાતિની દશા થઇ હોય એમ જણાય છે, એટલે ન્યાતના શેઠીઆઓ બેસી રહી થતું જોયા કરે છે. આથી શું ન્યાતનો કાયદો અમલમાં આવશે કે ? ના કદી નહીં.

ઉપરની તમામ અવ્યવસ્થાના ખુલાસામાં ન્યાતના શેઠીઆઓ એમ કહેવા માગતા હોય કે નાતીલાઓ હવે અમારા કબજામાં રહેવા માંગતા નથી અને અમારૂં માનતા નથી. અને એ વાત એક વખત તકરારની ખાતર કબુલ કરીએ પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે નાતીલાને આમ કરવાનું કારણ શું ?

બારીક તપાસથી માલુમ પડશે કે ન્યાતના આગેવાનો સ્વાર્થ અંધ થઈ ધર્મને બદલે અધર્મનું આલિંગન કરે છે જેથી એકને ન્યાય મળે છે અને બીજાને ગેરઈન્સાફમાં ગડબડી પડવું પડે છે. ન્યાતના જે બંધનો છે તે કેટલાક શેઠીયાઓ પોતે પાળતા નથી અને બીજા નાતીલાઓ પાસે તે પળાવવા માગે છે. આ દેખીતું અવળુ અનર્થનું મુળ છે. સમાનતા રાખી સમદ્રષ્ટીએ વર્તવું એ ન્યાતના શેઠીયાઓની નેક અને ઉત્તમ ફરજછે. એ ફરજનું અનુકરણ કરી ગરીબ અને તવંગરને સરખો ઇનશાફ આપી અધર્મીને યોગ્ય સજા કરી અધર્મ અને અનીતિનો અટકાવ કરવો જોઈએ

આ માંહેલું કાંઈ આપણી જ્ઞાતિમાં જોવામાં આવતું નથી. પણ ઉલટું ન્યાયને બદલે અન્યાય અને સંપને બદલે ફીસાદ કરી બેઠા છીએ. વિદ્યા અને ધર્મને ઉત્તેજન આપવાને બદલે ખાવા ખવરાવવાની ખટપટ અને કુસંપ જ નક બાબતોમાં ઝંપલાવી પડીએ છીએ. આટલો બધો ગોટાળો મટી ન્યાતમાં વ્યવસ્થા અને સુધારો થવાની આશા રાખવી તે હવામાં કિલ્લા ચણ્યાવત છે. કારણકે જ્ઞાતિના ભલાના ભોગે પોતાના મત મનાવવા મથન કરવામાં મોટાઇ માનનાર શેઠીઆઓની લુલૂતા આગળ સારાની આશા કયાંથીજ રખાય? શેઠીયાઓ પોતાનું માન ગુમાન મુકવા ચાહતા નથી. એટલે નાતીલાઓ કોઇ કોઇના અંકુશમાં ન રહે એ સ્વભાવિક છે.

ન્યાતની સીલક ઉપર દરેક નાતીલાનો સરખો હક છે છતાં ન્યાતની દોલતની વ્યવસ્થા કરવામાં નાતિલાઓને કયારે પુછવામાં આવ્યું છે? નાતિલાઓને હિસાબ તપાસવાનો હક છતાં તે કયારે બતાવવામાં આવ્યો છે? દર વર્ષે હીસાબનો આંકડો બાહાર પાડી નાતીલાઓનું મન કયારે સમાધાન કરેલું છે? આ ઉપરથી ન્યાતની દોલતનો ગેર ઉપયોગ થયો એમ કહેવું ખોટું કેમ ગણાય?

ન્યાતનો બંદોબસ્ત આટલેથી પુરો થતો નથી. ન્યાતની ઉપજ એકઠી કરવા જેવો જોઈએ તેવો બંદોબસ્ત રહેતો નથી. બીન વસીલદાર પાસેથી વખત આવે રૂપૈયા ઓકાવવામાં આવે છે. અને વસીલદાર તેમજ પૈસાદાર પાસે

માગી પણ શકાતું નથી. આવી રીતનો ગેરબંદોબસ્ત થતો જોઈ નાતીજ્ઞાની એક મીટીંગને જન્મ આપવામાં આવ્યો.

મીટીંગનો ટુંક હેવાલ

તા. ૨૫ મી એપ્રીલ એ મીટીંગનો જન્મ દીવસ છે બાલ્યાવસ્થામાં બાળકો ભરાઇ જવું, દાંત આવવા શીતળા ઓરી વીગેરે ભયંકર રોગના ભોગ થાય છે. આવા ભયંકર રોગમાંથી મુકત થઈ બચી જાય ત્યારેજ બાળકની જીંદગાનીનું ભવિષ્ય બંધાય છે. આપણી મીટીંગ આવા ચેપી રોગમાંથી હજી સુધી બચી શકી નથી. પાંચ વરસની અંદરની વયમાં બાળકોને મા બાપો નાના પ્રકારના લાડ લડાવી મન કામના પુરી પાડે છે. રંગ બેરંગી વસ્ત્રાલંકારો પેહેરાવી અને મન ગમતા સ્વાદીષ્ટ પકવાનો અને ફળાદિક મેવાઓ ખવરાવી તેનું મન પ્રફુલીત રાખે છે. એટલે એક તરફથી ભયંકર રોગના ઝપાટાથી બાળકો બળહિન થઈ નિર્બળ બને છે, તો બીજી તરફથી તેને પુષ્ટ ખોરાક આપી મન પ્રફુલીત રાખી રોગનું દુઃખ જણાવા દેતા નથી. જેથી રક્ષિત બાળક આખરે બાલ્યાવસ્થામાંથી બચી બહાર આવે છે. પરંતુ આપણી મીટીંગને તો લાડ લડાવવાને અને પુષ્ટ ખોરાકને બદલે વીષપાન કરાવવામાં કેટલાક શેઠીયા પોતાની મહત્તા માને છે. વસ્ત્રાલંકારથી શરીર આચ્છદાન કરવાને બદલે સાચી ખોટી ભૂલો કાઢી મીટીંગનો વસ્ત્રહરણ કરવા વલખાં મારે છે. આવી રીતે અરૂ

ક્ષિત મીટીંગ આટલાજ દુઃખ દરિયામાં ગોથા ખાતી નથી પણ અંગખંડનની મહાવેદનામાં પણ ડુબકીઓ મારે છે. મેમ્બર જે મીટીંગનું અવયવ છે તેને આંડુ અવળું સમજાવી તેનું મન ભ્રમિત કરવાને પણ કેટલાક જણ ચુકતા નથી. આવા દુઃખના મોજાની સામે દ્રઢતારૂપી સમશેરથી લડત ચલાવી મીટીંગે પોતાનું કામ આગળ ચલાવવા માંડયું. ન્યાતના કેટલાક સુધારાના કાનુનો ઘડી ન્યાતના શેઠીઆઓને બતાવ્યા. શેઠીઆઓની સંમતિથી કામ લેવામાં હેતુ પાર પડવાની આશા હવામાં ઉડી ગઇ. અર્થાત મીટીંગે ઘડેલા ધારાઓ શેઠીયાઓને પસંદ પડયા નહિં. નજ પડે કારણ કે પોતાના અખતિયારની આડે આવતું કોણ સહન કરી શકે? આટલુ છતાં નાતીલાઓની મદદથી મીટીંગ કેટલાક ધારા અમલમાં લાવી શકી છે. ન્યાતના વાસણનું ભાડું તથા લગ્ન વખતે લેવાતા લાગાના રૂપૈયા વિગેરેનું ઉઘરાણું કરવામાં મીટીંગે પોતાનું કામ ઠીક ચલાવવા માંડયું છે. મીટીંગની વય આજે એક વર્ષ ઉપર થવા આવી છે તેટલામાં તેણે નાતની ઉપજના રૂ. ૧૪૫-૯-૩ કરી બતાવ્યા છે. જેનો તપસીલવાર હિસાબ છેવટના પાને આપેલો છે.

આપણી પોરવાળની નાત લગભગ આશરે ૧૫૦ વર્ષ થયાં ભાવનગરમાં વસે છે. હવે વર્ષ દીવસે સરેરાશ ઉપજ આશરેથી રૂ ૭૫) ની લઈએ અને તેમાંથી દર વર્ષે રૂ. ૨૦) ખર્ચના બાદ જતાં બાકી ચોખી ઉપ-

જ રૂ ૫૫) ની ગણીએ તોપણ રૂ ૮૨૫૦ ની સીલીક ન્યાત પાસે હોવી જોઈએ. પણ જ્યારે ન્યાતની સીલક વીશે સાંભળીએ છીએ ત્યારે ફકત રૂ ૮૦૦–૧૦૦૦) ની માલુમ પડે છે. આ કેવું આશ્ચર્ય! ન્યાતની ઉપજ ખર્ચ માંજ આટલો ગોટાળો છે એટલુંજ નહીં પણ નાતના ઘણાખરા ધારાઓ એવા તો બગડી ગયા છે કે એથી આ પણને બહુ બહુ સોસવું પડે છે. ન્યાતના વાસણ જેને ઘેર જાય તેમાંથી થોડા ઘણા તો તેને ત્યાંજ રહે છે. આનો પણ પુરેપુરો બંદોબસ્ત થતો નથી. ન્યાતના જમણવારમાં ન્યાતનો ધર્માચરણ સચવાતો નથી. આ કેટલુ બધું હિણસ્પદ છે? પોરવાળ સુતોને કેળવણીનું ઉતેજન ન્યાત તરફથી મુદ્દલ આપવામાં આવતું નથી. વિગેરે કેટલીક બાબતનો સત્વર ઉપાય લેવાની ઘણી અગત્યતા છે. ન્યાતમાં વેવીશવાળના પલ્લાંની રકમ રૂ ૩૦૦) થી વધીને રૂ ૫૦૧) ની થઇ છે. વેવીશવાળ તથા લગ્ન વખતે અપાતી રીતભાત વિગેરેમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો છે.

આ સઘળી અવ્યવસ્થાનું કારણ તપાસીશુ તો ન્યાતના શેઠીઆઓની આપખુદી વર્ત્તણુંક શિવાય બીજુ કાંઇ માલુમ પડતું નથી. શેઠીયાઓને જે અખ્તીયાર મળેલો છે. તે નાતીલાઓએજ આપેલો હોવો જોઇએ. હવે જ્યારે તે અખ્તયારનો સદુપયોગ કરવામાં આવતો નથી ત્યારે નાતીલાઓએ તે તરફ વધારે વખત ચસ્મપોશી કરવી જોઈતી નથી હાલ જે મીટીંગ ઉભી થઇ છે તે ફ

ફત નાતીલાઓની ઉભી થઈ છે. અને જ્યારે તેને જોઈતી મદદ આપવામાં અખાડા થાય ત્યારે સુધારા ની આશા કેવી રીતે રાખી શકાય ?

જ્ઞાતી પ્રત્યે નમ્ર વિજ્ઞપ્તિ.

કાલ પોતાનુ કામ જરાપણ અટકયા વિન્યા કર્યા જાય છે. મનની વેદના મનમાં સમાવી મૌનતા પકડવી વધારેવાર રૂચી કર નીવડશે નહીં સમયની બારીકી સ્થતિની બારીકીમાં પ લટાતાપરમદુઃખપામીશું દંતકથાથી સાંભળતા ગજરામારૂએ જેમ રાત્રીને પકડી રાખી હતી તેમ વખત પકડી રાખવા ની શકિત ઇશ્વરે મનુષ્યને બક્ષેલી નથી. અર્થાત ગયેલો વખત ફરીને પાછો કદાપિ પણ મળતો નથી. જ્ઞાતિ સુધા રાને માટે પ્રયત્નો કરવા તે ચાલતા જમાનામાં ફાયદા કા રક છે પણ તે તરફ જેટલું દૂર્લક્ષ દાખવવું તે દારિદ્રતાને નોતરૂ દેવા બરોબર છે, સ્વઉમંગે ઉભી થએલી મીટીંગને મદદ કરવાથી મનગમતા લાભો મળ્યા વિના રહેવાના ન થી. "મન્નતો લાભ ન લે તેને માથે જુતીયાં" આ કેહેવત લોક પ્રસિધ્ધ છે, પ્રથમ લાભ તો એજ છે કે મીટીગ ઉ ભી કરવાને ધણા માણસો મથે છે તથાપિ મીટીંગ ઉભી થતી નથી અને આતો ઘેર બેઠા ગંગા. મીટીંગ આપો આપ ઉભી થઈ છે. બીજો લાભ, ન્યાતની ઉપજ ખર્ચનો હિસાબ હજુ સુધી કોઇએ બહાર પાડેલો નથી તે આ ચોખ્ખી રીતે પ્રસિદ્ધ ર્ક્યો છે પ્રસિદ્ધતાને પામતો આ ફકત મીટીંગે કરેલી ઉપજનો હિસાબ છે. હિસાબ ઉપજનો ઉપયોગ કેમ કરવો

પ શીખવે છે. શિક્ષણ નાતની શક્તિનો ચીતાર આપે છે. ચીતાર શેઠીઆની વર્તણુંકનુ તાદૃશ રૂપ ખડુ કરે છે. રૂપ શેઠીઆઓની યોગ્યાયોગ્યતાનો અનુભવ કરાવે છે અનુભવ ભવિષ્યવક્તા બતાવે છે. અને ભવિષ્યવક્તા ભુલાવો ખાતા નથી. આટલો બધો ફાયદો હિસાબ રાખવાથી અને તે બહાર પ્રસિધ્ધીમાં મૂકવાથી થય છે. ત્યારે શા વાસ્તે શેઠીઆઓને ગત વર્ષોનો હિસાબ બહાર પાડવા ફરજ પાડવી નહીં જોઈએ? પાડવીજ જોઇએ. શેઠીઆઓએ પણ આ બાબત ધ્યાનમાં લેવી અને પોતાના માથે આવતા કલંકોથી મુકત થવા નાતનો હિસાબ પોતાની મેળે બહાર પાડવો જોઇએ છીએ.

ક્ષમા.

પાઠક—આવ આપણે ભેગા બેસી જ્ઞાતિ સુધારા માટે વિચાર કરીએ વિચાર કરી તે પ્રમાણે અમલ થવા ઉપાયો યોજીએ અને તેમ થશે તોજ મારો ઉદ્દેષ પાર પડયો સમજીશ. જેજે બાબત લખેલી છે તે ફકત જ્ઞાતિ તરફ મનની ખરી લાગણીથી હીત કરવાનાજ ઉદ્દેષથી છે. દુનિયામાં ક્ષમા જેવો બીજો કોઈ તેટલી મહતાવાળો સદગુણ નથી માટે ક્ષમા શીળ થઈ જ્ઞાતિ હીતાર્થે યત્નવાન થાઓ એવી તે મહાન પિતા પરમેશ્વર પાસે મારી વિનંતી છે.

તથાસ્તુ.

નીચે લખેલા ન્યાતના કાનુનો મીટીંગ બડી તૈયાર કરી અમલમાં લાવવા ન્યાતની મદદ માગે છે.

૧ ન્યાતના ધર્મથી ઉલટી રીતે ચાલવું નહીં.

૨ એકાદશી, ગોકલઅષ્ટમી, રામનવમી, શીવરાત્રી, એ દિવસોએ કોઈએ ન્યાત જમાડવી નહીં.

૩ આપણી ગ્નાતીના બૈરાંઓએ સાંજના સાડાચારથી પાંચ સુધીમાં ન્યાતમાં જમવા આવવું અને મર્દોએ સાંજના સાડાછથી સાત સુધીમાં આવવું. કોઇ મર્દ કામના પ્રસંગથી મોડો આવે તો વાંસેના પીરસનાસઓની સાથે જમવા બેસવું.

૪ કોઇ માણુસને બૈરાંઓ તથા મર્દોને સાથે જમાડવાની સગવડ હોય તો તેણે નોતરું દેનાર બ્રાહ્મણ સાથે કહેવરાવવું.

૫ જમવા આવનારાઓએ મુગટા, પીતાંબરી પેહેરીને ન્યાતમાં જમવા આવવું અને કોઇ તે પ્રમાણે નહી આવે તો તેને ન્યાત તરફથી રાખેલી ધાબળી તેજ વખતે પેહેરવા દેવામાં આવશે.

૬ ન્યાત જમવા બેસે તે વખતે પીરસનારે અનુક્રમે પંગતમાં પિરસતાં જવું તેમજ જમનારે પિરસનારના વાસણમાંથી હાથ ધાલી લેવું નહીં.

૭ જમવા બેઠલાઓએ બદલો રાખવો નહીં અને જો કોઈ બદલો રાખશે તો તેનો નાત ગોરે તપાસ કરી શેઠીઆઓને જાહેર કરી તેનો દંડનો એક આનો કરવો.

૮ મીટીંગે નોતરા દેવા વીગેરેનું કામ કરવા સારૂ એક બ્રાહ્મણ નીમવો અને તે બ્રાહ્મણે ન્યાતથી નીમાએ

લ માણુસની પરવાનગી લઈને નોતરાં દેવાં.

૯ મીટીંગ તરફથી નીમાયલા બ્રાહ્મણે વાસણ વીગેરેની દેખરેખ રાખવી અને જ્યારે હરકોઇને ત્યાં ન્યાત જમતી હોય તો તે ન્યાતના બ્રાહ્મણે ન્યાતની ચોપડીમાં તેને આપવાના તમામ વાસણો નોંધી લઈ, તેના ભાડાની રકમ તથા બ્રાહ્મણના પૈસા મીટીંગ તરફથી નીમેલા માણુસે વસુલ લઇ તે બાબતની રજા ચીઠી બ્રાહ્મણ ઉપર કરી આપ્યાથી ખોલાધર લઇ સોંપવા.

૧૦ ન્યાત જમાડનાર ન્યાતના વાસણ ન લે તોપણ ન્યાતના રીવાજ પ્રમાણે વાસણોનું ભાડું તથા બ્રાહ્મણના પૈસા લઈ ન્યાતના રીવાજ મુજબ રજા ચીઠી મેળવી નોતરાં દેવા.

૧૧ ન્યાતના વેવિશાળ કરતી વખતે ન્યાતના લાગા તરીકે વરવાળા પાસેથી રૂ ૧ તથા કન્યાવાળા પાસેથી રૂ. ૦I મીટીંગ તરફથી નીમાયલા માણુસે ન્યાતની ચોપડીમાં જમા કરવા.

૧૨ લગ્ન થતી વખતે ન્યાતના લાગાના વરવાળા પાસેથી લેવાતા રૂપિયા મીટીંગની વતી નીમાયલા માણુસને વસુલ આપી ચીઠી મેળવ્યા શિવાય ન્યાત તરફથી નિમાયલા માણુસોએ કન્યા પરણાવવાની રજા આપવી નહીં.

ઉપરના ધારાઓને ન્યાતની સંમતી મળેથી બીજા ધારા મીટીંગ તઇયાર કરી ન્યાત સમક્ષ મુકશે.

સંવત ૧૯૪૫ ના વૈશાક શુદ ૧ બુધવાર તા૦ ૧ લી મે શને ૧૮૮૯ થી તે સંવત ૧૯૪૬ ના ચૈત્ર વદ ૩૦) શનીવાર તા૦ ૧૯ મી એપ્રીલ શને ૧૮૯૦ સુધી માસ ૧૨ નું સરવૈયું.

જ			ઉ	
૯૭–૦–૦	વાસણના ભાડા ખાતે	જમા.	૧૧૦–૦–૦	પોસ્ટ સેવીંગ બેંન્ક ખાતે ઉધાર તેની ચોપડી હરગોવીંદ પ્રભુના નામથી લીધેલી છે.
૧૯–૦–૦	લાગાના	જમા.	૫–૦–૦	ઉઘરાણી ખાતે
૪–૦–૦	ગુરૂદેવના લાગાના	જમા.	૨૦-૧૫-૬	ખર્ચ ખાતે ઉધાર.
૧૩–૯–૩	ન્યાતની મીટીંગ ખાતે	જમા.		૧૦–૦–૦ આપણી ન્યાત દશા શ્રીમાળી તથા અગદાવાદી પોરવાળવાળાઓએ જુદી જુદી તારીખે જમાડી તેની પાઘડીના આપ્યા.
૧૨–૦–૦	બ્રાહ્મણના લાગાના રૂ ૨૩) વર્ષ એકના થયા તેમાંથી પ્રથમ રૂ ૧૧) આપ્યા તે બાદ બાકી રૂ ૧૨)			૮–૦–૦ સંવત ૧૯૪૬ ના મા

રૂ ૧૪૫–૯–૩

હા સુદ ૧ હરજીવન
મોતીચંદ ગુજરી ગયા
તેની પછવાડે પીતલના
ખુમચાનું લાણું કર્યું
તેના પાઘડીના પરમા
નંદ હરજીવનનેઆપ્યા

૨—૦—૦ ગોધા મધ્યે નારણદેવ
નું મદીર છે તેના લા
ગાનાવર્ષ રના આપ્યા.

૦-૧૫-૬ ન્યાતની પીરસવાની
દોરીઓને હાથા કરા
વ્યા તેના.

રૂ. ૨૦—૧૫—૬

૪—૯—૯ પ્રાંતજણુસ બાકી ચૈત્ર વદ ૩૦)બાકી

રૂ. ૧૪૫—૯—૩

રજુ મેહેતા હરગોવીંદ પરભુદાસ
સેક્રેટરી

સદરહુ હીશાબ ન્યાતના ચોપડાઓ મીટીંગના હસ્તકના છે તેને મેળવી જો તાં તે હીસાબ બરાબર છે. તા૰ ૩૧ મી સને ૧૮૯૦

પા. હરગોવીંદદાસ હરજીવનદાસ — મેહેતા માણેકલાલ મોતીચંદ

પ્રેસીડેન્ટ — ઓડીટર.

તાજે કલમ

આ હિસાબની અગાઉની લેણદેણ તથા શીલક વાસ્તે નાતના જુના ચોપડા જુવો. કારણ કે તે આમાં બાકી ખેંચેલી નથી.

ઇશ્વરસ્તુતિ.

વસંત તિલકાવૃત.

અત્યંત ખંત ભગવંત ભલી અમારી,
ત્યાગી કુટેવ શુભ લક્ષણ સર્વ ધારી;
ભિતી નિવારિ ઝટ પાદ ધરે સુધારે,
લાલીત્ય લક્ષણ થકી લઘુતા વધારે. ૧
શીક્ષા નિરક્ષર અમોનિ કરી પરીક્ષા,
જ્ઞાતીજનો પ્રિતથિ પુર્ણ કરે નિરીક્ષા;
તીવ્રાતિ ભ્રાત થઈ નેહ વિષે નિવાસે,
શોભા બજાવિ નિજ જ્ઞાતિ તણિ ઉલાસે, ૨
વક્તા વિવાદ મંહિ, થાય વિચારવાળા,
કલ્યાણકારિ કરુણા કરય હે કૃપાળા;
છો નીત્ય સત્ય અજ ઇશ્વર સૃષ્ટિ પાળ,
ટાળો ત્રિભુવનપતી દુખ સૌ દયાળ. ૩
લાચર તારી કરૂણા કદીજો ન થાય,
લક્ષો વિલક્ષ શુભ લક્ષણ સૌ પળાય;
અસાગૃહે ગૃહણ હસ્ત કરે હરી તું,
નેકી વધે નિત નિતે પ્રભુ ચિત્ત પ્રેરતું. ૪
પ્રત્યેક કાર્ય કરતાં પ્રભુ પ્રેરણાથી,
માંગલ્ય કર્મ સરશે અતિ શીઘ્રતાથી;
ખ્યાય વિ ફ્રદુર સૌ કરી તારી સેવા,
દસ્તુર એ જગતના પતી દેવ દેવા. ૫